રાજ્યમાં છ બેઠકોની પેટાચૂંટણી માટે આજે મતદાન

ઇવીએમ અને વીવીપેટ મશીન મારફતે મતદાન થશે : ૧૭૮૧ મથકો ઉપર મતદાન થશે : ૮૧થી વધુ મતદાન મથકોથી વેબકાસ્ટિંગ : ૨૪મીએ પરિણામ

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં વિધાનસભાની છ બેઠકોની પેટાચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાનાર છે જેને લઇને અભૂતપૂર્વ તૈયારી કરી લેવામાં આવી છે.તૈયારી કરી લેવામાં આવ્યા બાદ તમામ જગ્યાઓએ મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટીના ગઢમાં ગાબડા પાડવા માટે કોંગ્રેસ પાર્ટી પણ સજ્જ છે. અલબત્ત ભારતીય જનતા પાર્ટી હોટફેવરિટ દેખાઈ રહી છે. કોંગ્રેસના તથા ભાજપના વરિષ્ઠ નેતાઓ દ્વારા ભારે ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો.

રાજયમાં છ વિધાનસભા બેઠકો માટે આવતીકાલે તા.૨૧મી ઓકટોબરના રોજ સોમવારે રસાકસીભરી ચૂંટણી યોજાવા જઇ રહી છે ત્યારે ચૂંટણી પંચ અને પોલીસ-સુરક્ષા તંત્ર દ્વારા લગભગ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઇ છે. રાજયમાં અમરાઈવાડી, રાધનપુર, બાયડ, ખેરાલુ, લુણાવાડા અને થરાદ એમ છ બેઠકો માટે યોજાનારી પેટાચૂંટણીમાં ૧૪.૭૬ લાખથી વધારે મતદારો મતદાન કરી પોતાના મિજાજનો પરચો આપશે. તમામ બેઠકોના પરિણામો તા.૨૪મીના રોજ જાહેર કરાશે. ગુજરાત વિધાનસભાની છ બેઠકો માટે આવતીકાલે યોજાઇ રહેલી પેટાચૂંટણીને લઇ ચૂંટણી તંત્ર દ્વારા તમામ પોલીંગ બુથ પર સ્ટેશનરીનું વિતરણ થઈ ચુક્યું છે. તેમજ ઈવીએમ અને વીવીપેટને સ્ટ્રોંગરૂમમાંથી ડિસ્પેચ કામગીરી પુર્ણ કરી દેવાઇ છે.

સુરક્ષાકર્મીઓને પણ ઈવીએમ અને વીવીપેટની સુરક્ષા માટે તહેનાત કરી દેવાયા છે. અમરાઈવાડી, રાધનપુર, બાયડ, ખેરાલું. લુણાવાડા અને થરાદમાં યોજાનારી પેટાચૂંટણી માટેના ઈવીએમ અને વીવીપેટ મશીનની ચકાસણી પુર્ણ કર્યા બાદ તેને જે તે પોલીંગ બુથ પર પહોંચતા કરી દેવાયા છે. આવતીકાલે સોમવારે ગુજરાત વિધાન સભાની ૬ બેઠકો પર યોજાનારી પેટાચૂંટણીમાં ૧૪.૭૩ લાખ મતદારો મતદાન કરશે. આ પેટાચૂંટણી માટે જે તે વિધાનસભા ક્ષેત્રમાં ઉભા કરાયેલા ૧૭૮૧ મથક પર મતદારો મતદાન કરી શકશે. ૮૧થી વધુ મતદાન મથક પરથી વેબ કાસ્ટીંગ કરાશે. તો, સંવેદનશીલ મતદાન મથકો પર સીસીટીવી અને વેબ કેમેરાથી બાજનજર રખાશે. ચૂંટણી બાદ તા.૨૪ ઓક્ટોબરનાં રોજ મત મત ગણતરી હાથ ધરાશે અને તમામ છ બેઠકોના પરિણામો જાહેર કરવામાંઆવશે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે રાજયમાં કેટલીક બેઠકો પર વર્તમાન ધારાસભ્યોને ટીકીટ આપી હતી અને તેઓ વિજેતા બનતાં તેમની ખાલી પડેલી જગ્યાઓ તથા કોંગ્રેસના બે ધારાસભ્યોએ પક્ષપલટો કરતાં કુલ છ બેઠકો માટે આવતીકાલે મહત્વની પેટા ચૂંટણી યોજાવા જઇ રહી છે. કુલ ૬ બેઠક પર ૧૪.૭૬ લાખ મતદારો નોંધાયેલા છે અને તેઓ મતદાન કરી શકે તે માટે ૧૭૮૧ મતદાન મથક ઉભા કરવામાં આવ્યા છે. વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઉમેદવારોની વાત કરવામાં આવે તો ભાજપે આ વખતે થરાદ બેઠક પરથી જીવરાજ પટેલ, રાધનપુર બેઠક પરથી અલ્પેશ ઠાકોર, ખેરાલુ બેઠક પરથી અજમલ ઠાકોર, બાયડ બેઠક પરથી ધવલસિંહ ઝાલા, અમરાઈવાડી બેઠક પરથી જગદીશ પટેલ અને લુણાવાડા બેઠક પરથી જીજ્ઞેશ સેવકને મેદાનમાં ઉતાર્યા છે. બીજી તરફ કોંગ્રેસે થરાદ બેઠક પરથી ગુલાબસિંહ રાજપુત, બાયડ બેઠકથી જશુભાઈ પટેલ, અમરાઈવાડી બેઠકથી ધર્મેન્દ્ર પટેલ, લુણાવાડા બેઠકથી ગુલાબસિંહ ચૌહાણ, રાધનપુર બેઠકથી રઘુ દેસાઈ, ખેરાલુ બેઠકથી બાબુજી ઠાકોરને ઉમેદવાર બનાવ્યા છે. સોમવારના રોજ થનારા મતદાન માટે ચૂંટણીપંચે પણ તમામ તૈયારીઓ પુર્ણ કરી દીધી છે. તમામ મતદાન મથકો ખાતે ઈવીએમ તથા પોલીંગ અને પોલીસ સ્ટાફને રવાના કરી દેવાયો છે. તો, પોલીસ અને સુરક્ષા જવાનોને પણ પોલીંગ બુથ અને તેની ફરતે તૈનાત કરી લોખંડી સુરક્ષા બંદોબસ્ત પણ તૈનાત કરી દેવાયો છે.

પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં હોબાળો

યુવતીની માતાને ઇન્જેક્શન આપ્યા બાદ તબિયત લથડી હોવાના આક્ષેપો સાથે યુવતીએ કર્યો હોબાળો

પાલનપુર ડોક્ટર એક ખાનગી હોસ્પિટલમાં ઈન્જેક્શન આપ્યા બાદ

હાઉસ વિસ્તારમાં આવેલી યુવતીની માતાને ડોક્ટરે તબિયત લથડી હોવાના આક્ષેપો સાથે હોસ્પિટલમાં હોબાળો મચાવતા પોલીસ દોડી આવી હતી.

પાલનપુરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં આવેલ ડો.વસંત કે.ગણાત્રાની હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ એક મહિલાને ઈન્જેક્શન આપ્યા બાદ તબિયત લથડી ગઈ હોવાના આક્ષેપ સાથે મહિલાની પુત્રીએ હોબાળો મચાવતા પોલીસ દોડી આવી હતી અને યુવતીની ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી હતી. યુવતીએ મીડિયા અને પોલીસ સમક્ષ આક્ષેપો પણ કર્યા હતા કે તેની માતાને સામાન્ય ઝાડા ઉલટી થતાં તે સારવાર અર્થે લઈ આવી હતી. જ્યાં તબીબ દ્વારા ઈન્જેક્શન આપ્યા બાદ અચાનક તેમની માતાની તબિયત લથડતા આ બાબતે ડૉક્ટરને કહેવા જતાં ડોક્ટરના પુત્ર દ્વારા અણછાજતું વર્તન કરવામાં આવ્યું હોવાનું આક્ષેપો કરવામાં આવતા આ બાબતે પોલીસે હવે યુવતીની ફરિયાદની તજવીજ હાથ ધરી છે.

પાલનપુરના મફતપુરામાં ગટરના પાણીમાં રથ ફસાયો

પાલનપુરના મફતપુરા વિસ્તારમાં જૂની ગટર લાઈનો ચોકઅપ થઈ ગઈ છે. નવી ગટર લાઈન માટે સ્થાનિક રહીશોએ નગરપાલિકામાં રજૂઆતો કરી છે. જ્યાં કામ પણ મંજુર થઈ ગયું છે. જોકે, કોન્ટ્રાકટર દ્વારા કામ શરૂ કરવામાં આવતું નથી. પરિણામે બ્લોક થઈ ગયેલ ગટરલાઇનના ચેમ્બર ઉભરાતાં ઢીંચણ સમા ગંદા પાણી માંથી લોકોને પસાર થવું પડી રહ્યું છે. આ ગટરલાઇનમાં લોકોએ સંડાસની લાઈન આપી દીધેલ છે. જેથી ભયંકર રોગચાળો પ્રસરી જવાની દહેશત રહેલી છે. આવી સ્થિતિમાં રવિવારે એક શોભાયાત્રાનો રથ આ ગંદા પાણીમાં ફસાઈ ગયો હતો. જેને લોકોએ મહા મુસીબતે બહાર કાઢ્યો હતો.

કાંકરેજના શિહોરી નજીકથી ખનીજ ચોરી કરતી બે ટ્રકો ઝડપાઈ

રૂપિયા ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રૂપિયા ૪.૨૦ લાખનો દંડ ફટકાર્યો

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના શિહોરી નજીકથી જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીની ટીમે ખનીજ ચોરી કરતી બે ટ્રકો ઝડપી લીધી હતી. આ અંગે રૂપિયા ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રૂપિયા ૪.૨૦ લાખનો દંડ ફટકારતાં ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં ભૂસ્તર વિભાગ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન રેતી- ખનીજ માફિયાઓ સામે લાલ આંખ કરવામાં આવી રહી છે. જ્યા જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીની ટીમે ખનીજ ચોરી કરતી બે ટ્રકો ઝડપી લીધી હતી. આ અંગે જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષીએ જણાવ્યું હતુ કે, ટીમના રોયલ્ટી ઈન્સપેકટર શક્તિદાન ગઢવી, સર્વેયર મેહુલ દવે સાથે રેતીની તસ્કરી ડામવા માટે વહેલી સવારથી ખાનગી વાહનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જે દરમિયાન શિહોરી નજીકથી ખનીજ ચોરીને જતી બે ટ્રકો ઝડપી લેવાઇ હતી. આ અંગે રૂપિયા ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રૂપિયા ૪.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભૂસ્તર વિભાગ દ્વારા કરાયેલી કાર્યવાહીના કારણે ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

પાલનપુરમાં રેલવે બ્રીજ દબાણકારોએ કલેકટરને સમક્ષ લગાવી ન્યાયની ગુહાર

પાલનપુર ખાતે માનસરોવર નજીક આવેલા રેલવે ફાટક ઉપર ઓવરબ્રીજ બનાવવામાં આવી રહ્યો છે. જેની બાજુમાં આવેલા દબાણો દૂર કરવામાં આવનાર છે. આ મુદ્દે રહિશોએ જિલ્લા કલેકટરને રજૂઆત કરી ન્યાયની ગુહાર લગાવી હતી. પાલનપુર ખાતે માનસરોવર નજીક આવેલા રેલવે ફાટકે ઓવરબ્રીજ ન હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. આ અંગે શહેરીજનોની વારંવારની માંગણી બાદ છેલ્લા એકાદ વર્ષથી ઓવરબ્રીજનું કામ નિર્માણાધીન છે. જોકે, આ બ્રીજની બાજુમાં દબાણમાં કેટલાક લોકોએ મકાન બનાવી દીધા છે. આ દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા કાર્યવાહી આરંભવામાં આવનારી છે. ગુરૂવારે દબાણકર્તા રહિશોએ જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી. રહેવા માટે વ્યવસ્થા કરી આપવા જણાવ્યું હતુ.

પાલનપુરમાં તંત્રને કાયદાનું ભાન કરાવવા ધારાશાસ્ત્રીઓ મેદાને

રખડતાં પશુઓ, ઉભરાતી ગટરો સહિતની સમસ્યા મુદ્દે જિલ્લા કલેકટર- પોલીસવડાને આવેદન આપી આંદોલનની ચિમકી

પાલનપુરમાં ઘણા સમયથી રખડતાં પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે. જેના કારણે

જીવલેણ અકસ્માતો સર્જાતા હોય છે. આ અંગે વારંવાર અખબારી અહેવાલો પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. રખડતાં પશુઓને પડકવા માટે જિલ્લા કલેકટર દ્વારા આદેશ બાદ નોટિસ પણ અપાઇ હોવા છતાં નગરપાલિકા દ્વારા કોઇ કાર્યવાહી કરાઇ નથી. ત્યારે હવે તંત્રને કાયદાનું ભાન કરાવવા માટે ધારાશાસ્ત્રીઓ મેદાને આવ્યા છે. જેમણે અધિવકતા પરિષદના નેજા તળે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવડાને રખડતાં પશુઓ, ઉભરાતી ગટરો સહિતની સમસ્યા મુદ્દે આવેદન આપ્યું હતુ.

પાલનપુર ખાતે રખડતાં પશુઓ સહિતની સમસ્યાઓ હલ કરવા માટે અધિવકતા પરિષદના નેજા તળે ધારાશાસ્ત્રીઓએ જિલ્લા પોલીસવડા અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, પાલનપુર બહોળી વસ્તી ધરાવતું જિલ્લાનું વડુમથક છે. જ્યાં જિલ્લા કક્ષાની કચેરીઓ કાર્યરત છે. શહેરના મુખ્યમાર્ગો દિલ્હીગેટ, સીમલાગેટ, શાક માર્કેટ, અમીરરોડ ચાર રસ્તા, સંજય ગાંધી રોડથી સીટીલાઇટ રોડ, ગોબરી રોડ, ગઠામણ દરવાજાથી જુના ગંજ બજાર, ગુરૂનાનક ચોક, રેલવે ઓવરબ્રીજ, જોરાવર પેલેસ, ડિસ્ટ્રીક કોર્ટ સહિત શહેરના અન્ય માર્ગો ઉપર રખડતાં પશુઓની વિકટ સમસ્યા જોવા મળી રહી છે. જેમાં પણ સવારે ઓફિસ અર્વસના સમયે ગાયો તથા આખલાઓ રોડની વચ્ચોવચ આવીને બેસી જાય છે.

ગંભીર અકસ્માતો સર્જાય છે. ઈજાના કારણે માનવ મૃત્યુના પણ દાખલા છે. આ માર્ગો ઉપરથી કલેકટર, પોલીસ અધિક્ષક, સંસદ સભ્ય, ધારાસભ્ય, નગરપાલિકા ચીફ ઓફિસર, પ્રમુખ સહિત જવાબદાર અધિકારીઓની સતત અવર- જવર રહે છે. તેઓ પણ આ સમસ્યાનો ભોગ બને છે. છતાં પણ સમસ્યા દૂર કરવા માટે કોઇ પ્રયત્નો કરવામાં આવતા નથી. તે દુ:ખ સાથે આશ્ચર્યની વાત છે. જો ટુંક સમયમાં સમસ્યાનું નિરાકરણ નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે જાહેર રેલી, ધરણા, ઉપવાસ ઉપર ઉતરવાની ફરજ પડશે. તેમજ જાહેર જનતાની સુખાકારી અને રક્ષણ માટે કાયદાનું હથિયાર ઉગમવાની પણ ફરજ પડશે.

પાલનપુરમાં મીટર ચેક કરવા ગયેલા વીજકર્મી પર હૂમલાનો વિડિઓ વાયરલ

વિજકર્મીએ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી

પાલનપુર શહેરના તીનબત્તી બહાદુર ગંજ વિસ્તારમાં મીટર ચેક કરવા ગયેલા એક વીજ કર્મચારી ઉપર હૂમલો કરવામાં આવ્યો હતો. આ હૂમલાનો વિડિયો વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે હૂમલો કરનારા



શખ્સ વિરૂધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

ઉત્તર ગુજરાત વિજ કંપની પાલનપુર કચેરીના વીજકર્મી તીનબત્તી વિસ્તારમાં વીજ મીટર ચેક કરવા ગયા હતા. દરિયાન એક શખ્સે ઉસ્કેરાઇ જઇ બિભત્સ શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમજ લાકડી વડે હૂમલો કર્યો હતો. જેનો વિડિયો પણ વાયરલ થયો હતો. વિડીયોમાં જોઇ શકાય છે કે, આ શખ્સ વિજકર્મીને લાકડી મારે છે. જે બાદ વીજકર્મી ગલીમાં દોડે છે. હૂમલાખોર લાકડી લઇને તેની પાછળ દોડે છે. આ સમગ્ર ઘટના અંગે વીજકર્મીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

૮૦ ટકાની વૃદ્ધિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૦૦ ટકા સાક્ષર ગણાતા ગાંધીનગર જિલ્લામાં કુપોષણની સમસ્યા એ તંત્ર માટે પણ પડકાર છે.

અતિ કુપોષિત કેટેગરીમાં ગાંધીનગર-૨ માં ૩૨૨, માણસામાં ૩૧૧ બાળકો મળી આવ્યા છે. જ્યારે સૌથી ઓછા બાળકો આ કેટેગરીમાં કલોલ-૩ માંથી મળ્યા છે અને તેમની સંખ્યા ૮૪ જેટલી છે.

ગાંધીનગર તાલુકામાં પણ ૧૬૦૦થી વધુ બાળકો કુપોષિત અને ૫૦૦થી વધુ અતિકુપોષિત કેટેગરીના બાળકો મળ્યા છે જે ખુબજ ચિંતાજનક છે. આ ગાંધીનગરમાંથી જ રાજ્યની નવી નીતિનું સર્જન થાય છે ત્યાં જ આ ગંભીર સ્થિતિ કુપોષણની જોવા મળી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન અંગે સુયોગ્ય સંકલન વિભાગો વચ્ચે પણ એટલુ જ જરૂરી છે. અહિ તંત્રના વિવિધ અધિકારીઓને જવાબદારી અપાઈ છે પણ તેનુ મોનીટરીંગ કલેક્ટર દ્વારા જાતે થાય તે એ જરૂરી છે અહિ આરંભે શુરા જેવુ નહિ પણ નૂતન વર્ષે નવા સંકલ્પ સાથે તંત્ર આગળ વધે તેવી સામાજિક ચિંતા પ્રસરેલી જોવા મળી રહી છે.

આરોગ્ય તંત્ર દ્વારા કુપોષિત બાળકો માટે જ્યારે સર્વે કરવામાં આવ્યો ત્યારે ઠીંગણા બાળકો ઉંમરના પ્રમાણમાં રાજ્યની સરેરાશ કરતાં વધુ નીકળ્યા હતા પરંતુ આ દિશામાં કોઈ રોડમેપ આરોગ્યતંત્ર દ્વારા તૈયાર કરાયો નથી તે પણ એટલુ જ ચિંતાજનક છે.

જિલ્લામાં સેમ અને મેમ બાળકોને ચાઈલ્ડ કોર્નરમાં દાખલ કરવામાં પણ તંત્રની ઉદાસીનતા એટલી જવાબદાર છે. આ માટે નોટીસો અપાઈ હોવાનું કહી તંત્ર છટકી જવાની વાત કરી વાતને આગળ વધતાં અટકાવવા જરૂર સફળતા મેળવી છે પરંતુ પછી શું સુધારો થયો તેના વિશે હજુ કોઈ વાતનો ક્યાંય ઉલ્લેખ થયો નથી.

જિલ્લામાં કુપોષણની સમસ્યા એ સામાજિક ચિંતાનો વિષય બની છે. અહિ નાની ઉંમરે થતા લગ્નો, ઓછા વજન સાથે જન્મતા બાળકો સહિત ઘણા બધા મુદ્દાઓ છે. આરોગ્ય અને મહિલા બાલ કલ્યાણ વિભાગ વચ્ચે સુયોગ્ય સંકલન પણ એટલું જ આવશ્યક અને અનિવાર્ય છે.

પુનઃ વરાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યાસ અને પ્રકાશ દેસાઈની, સહખજાનચીની નવી ઉભી કરાયેલ જગ્યા પર મહાવીરસિંહ વાઘેલા, સંગઠન મંત્રી તરીકે જી.જી. પંડ્યા અને ડી.બી. રાવલની વરણી કરવામાં આવી છે.

મંડળની કારોબારી સમિતિમાં નરેન્દ્ર રાવ, સી.એલ. સુતરરીયા, હેમાબેન જોશી, વૃન્દાબેન મેવાડા, રતિલાબેન માયાવંશી, જે.એમ. પટેલ, કૌશલ પટેલ, મિતેશ ચૌધરી, નીલાબા ચાવડા, મહેન્દ્રસિંહ રાજપૂતની વરણી કરાઈ છે. જ્યારે લીગલ એડવાઈઝર તરીકે સવસીભાઈ પટેલ અને જે.એમ. પરમારની વરણી કરાઈ છે.

માન્યતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજુ પણ રૂપીયા ખર્ચવા છતા ગુણવત્તા યુકત સારવાર કયાં મળશે તે પ્રશ્ન મનમાં ઘુમરાયા કરે છે.જેને પગલે ભારત સરકાર દ્વારા દર્દીની સલામતી અને ગુણવતાયુકત સર્વિસ મળે તે હેતુથી એનએબીએચ અંતર્ગત હોસ્પિટલની તમામ સેવાઓનું ઈન્સ્પેકશન કરવામાં આવે છે. જેમાં હોસ્પિટલમાં સૌ પ્રથમ સ્વચ્છતા, દર્દીની કાળજી કેવી રીતે લેવામાં આવે છે, સ્ટાફ ટ્રેનીંગથી સુજજ છે કે કેમ, બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે થાય છે કે કેમ, ડોકટર તેમજ સ્ટાફ યોગ્ય માત્રામાં છે કે કેમ, મેડીકલ રેકર્ડ, સહિતના માપદંડ ચકાસવામાં આવે છે અને ત્યારબાદ એનએબીએચની માન્યતા હોસ્પિટલને આપવામાં આવે છે. જે હોસ્પિટલને એનએબીએચની માન્યતા મળે છે તે હોસ્પિટલ પર નાગરીક દર્દીની સલામતી અને ગુણવત્તાયુકત સારવાર અંગે સંપૂર્ણ ભરોસો રાખી શકે છે. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ઉતર ગુજરાતમાં માત્ર ગણીગાંઠી જ હોસ્પિટલને એનએબીએચની માન્યતા મળી છે. ત્યારે ગાંધીનગરના પાદરે આવેલી આશ્કા હોસ્પિટલને એનએબીએચ અન્વયે દર્દીની સલામતી અને ગુણવત્તાયુકત સુવિધાસભર સારવાર માટે ફુલ એક્રેડીટેશન એનાયત કરવામાં આવ્યું છે. આશ્કા હોસ્પિટલમાં કાર્ડીયાક સહિત તમામ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ સારવાર ઉપલબ્ધ છે.ગાંધીનગર અને આસપાસના જિલ્લાના નાગરીકોને પણ હવે ગુણવત્તાયુકત સારવારનો લાભ ઘરના આંગણે મળી રહેશે.આશ્કા હોસ્પિટલ ગાંધીનગરાઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઈ છે. ત્યારે દર્દીઓ તેમજ સ્નેહીજનોને હોસ્પિટલમાં કોઈ તકલીફ ઉભી ન થાય તે માટે સતત ધ્યાન હોસ્પિટલના ચેરમેન બિપિન શાહ રાખી રહ્યા છે.

ગણતરીમાં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલું જરૂરી છે એ ૨૦૧૮માં લોકસભામાં અપાયેલા આંકડાઓ પરથી પણ સમજાય એવું છે. સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યે ભારતના 'બિમારૂ' રાજ્યો છે એના કરતાં પણ પાણીજન્ય રોગોની દૃષ્ટિએ વધુ બિમાર રાજ્ય છે. દેશમાં ગરીબી, અતિ વસ્તી, પાયાની સુવિધાના અભાવ જેવા પ્રશ્નો સાથે પંકાયેલા બિમારૂ રાજ્યો બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ કરતાં પણ પાણીજન્ય રોગો જેવા કે કોલેરા, ટાઈફોઈડ, ઝાડા-ઉલ્ટી, હિપેટાઈટીસ જેવા રોગો ગુજરાતમાં વધુ છે. પાણીજન્ય બિમારીમાં અન્ય કારણો પણ ઘણા છે, પરંતુ પીવાનું શુધ્ધ પાણી મળે તો ચોક્કસ તેમાં ઘટાડો થઈ શકે.

સર્જિકલ સ્ટ્રાઈક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલાવી દીધો છે. પાકિસ્તાન પર ભારતીય સેનાની ત્રીજી સ્ટ્રાઇક ખુબ જ આક્રમક રહી હતી. સાતથી વધારે ત્રાસવાદી કેમ્પોને આજે ફૂંકી મારવામાં આવ્યા હતા અને ૩૫ આતંકવાદીઓ માર્યા ગયા છે. ટીવી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે બે ભારતીય સૈનિકોના પાકિસ્તાની ગોળીબારમાં મોત બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પાકિસ્તાનના દુસાહસનો જવાબ આપીને આ કાર્યવાહી શરૂ થઈ હતી. અગાઉ પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો જેમાં બે ભારતીય જવાન શહીદ થયા હતા. ત્યારબાદ ભારતીય સેનાએ તરત જ પોક સ્થિત આતંકવાદી કેમ્પો ઉપર હુમલો કર્યો હતો. આતંકવાદી કેમ્પોમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ હતા ત્યારે જ આ હુમલો કરાયો હતો. ભારતીય સેનાએ પાકિસ્તાન તરફથી તંગધાર સેક્ટરમાં કરવામાં આવેલા ગોળીબારનો જોરદાર જવાબ આપ્યો હતો. પાકિસ્તાને ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના ઈરાદા સાથે અગાઉ ગોળીબાર કર્યો હતો. કરતારપુર કોરિડોર ખોલી દેવાનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે બંને દેશો વચ્ચેના સંબંધો ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિએ પહોંચી ગયા છે. પ્રાપ્ત માહિતી મુજબ ભારતીય સેનાની કાર્યવાહીમાં પોકમાં નિલમ ખીણમાં સાત ત્રાસવાદી કેમ્પોને ફૂંકી મારવામાં આવ્યા હતા. ભારત તરફથી આ કાર્યવાહી તંગધાર સેક્ટરના બીજી તરફ પોકમાં કરવામાં આવી હતી. સેનાએ પાકથી સંચાલિત ત્રાસવાદી અડ્ડાઓ ઉપર તોપથી બોંબ વર્ષા કરી હતી.

પાકિસ્તાનને આમા મોટાપાયે નુકસાન થયું છે અને અનેક આતંકવાદી કેમ્પ અને લોંચપેડ ફુંકાઈ ગયા છે. પાકિસ્તાન તેના માર્યા ગયેલા સૈનિકો અને આતંકવાદીઓની સંખ્યા અંગે માહિતી આપી રહ્યું નથી પરંતુ તેને અભૂતપૂર્વ નુકસાન થયું છે. પાકિસ્તાને હજુ સુધી માત્ર એક જ જવાનના મોતની વાત કરી છે જેનું નામ લાન્સનાયક જાયેદ આપ્યું છે.

મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારોના ભાવિ આવતીકાલે મતદાન બાદ ઈવીએમમાં સીલ થઈ જશે અને ચૂંટણી પરિણામ ૨૪મીના દિવસે જાહેર કરવામાં આવશે ત્યાં સુધી ભારે સસ્પેન્સની સ્થિતિ રહેશે. હરિયાણાની વાત કરવામાં આવે તો અહીં ભાજપ-કોંગ્રેસ, ઈન્ડિયન નેશનલ લોકદળ વચ્ચે સીધી સ્પર્ધા છે. હરિયાણામાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો માટે ૧૦૪ મહિલા ઉમેદવાર સહિત ૧૧૬૯ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે જે પૈકી ૧૭ રિઝર્વ સીટો રહેલી છે. હરિયાણામાં ૧.૮૩ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા ઉત્સુક છે જેમાં ૯૯ લાખ પુરુષો અને ૮૫ લાખ મહિલાઓનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૧૬૩૫૭ મતદાન મથકો ઉભા કરવામાં આવી ચુક્યા છે. હિસ્સાર જિલ્લામાં હાન્સી જિલ્લામાં હાન્સી મતવિસ્તારમાં સૌથી વધુ ૨૫ ઉમેદવાર મેદાનમાં રહેલા છે. શાસક ભાજપ અને કોંગ્રેસ પાર્ટી દ્વારા તમામ બેઠકો ઉપર ચૂંટણી લડવાની તૈયારી કરી છે જેમાં ૯૦ બેઠકો પર પોતાના ઉમેદવારોને ઉતારવામાં આવ્યા છે. શિરોમણી અકાળીદળની સાથે મળીને ચૂંટણી લડવાની તૈયારી ભાજપે કરી છે. બીજી બાજુ ઈન્ડિયન નેશનલ લોકદળ ૮૧ સીટ પર ચૂંટણી મેદાનમાં છે. અકાળી દળ પણ ૮૧ સીટ પર ચૂંટણી મેદાનમાં છે. બહુજન સમાજ પાર્ટી, આમ આદમી પાર્ટી, જનનાયક જનતા પાર્ટીના ઉમેદવારો પણ ભાગ્ય અજમાવી રહ્યા છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ ૧૦ બેઠકો જીતી લીધી હતી અને ૫૮.૨૧ ટકા મત મળ્યા હતા. મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ અગ્રવાલે માહિતી આપતા કહ્યું છે કે, આવતીકાલે યોજાનાર મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. રાજ્યભરમાં સઘન સુરક્ષા વ્યવસ્તા ગોઠવી દેવામાં આવી છે. બીજી બાજુ મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં ૨૮૧ વિધાનસભા સીટ માટે તેમના પસંદગીના પ્રતિનિધિઓ ચૂંટી કાઢવા માટે ૮.૯ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા ઈચ્છુક છે. આ મતદારો પૈકી ૪.૫ કરોડ પુરુષો અને ચાર કરોડ મહિલાઓ છે. અહીં ૨૩૫ મહિલા ઉમેદવાર સહિત ૩૨૩૭ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં કુલ ૯૬૬૬૧ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. મરાઠવાડા પ્રદેશમાં નાંદેદ સાઉથ સીટમાં સૌથી વધારે ૩૮ ઉમેદવારો મેદાનમાં રહેલા છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં કોઈ બે ગઠબંધનો ભાગ્ય અજમાવી રહ્યા છે જેમાં એકબાજુ ભાજપ અને શિવસેનાનું ગઠબંધન છે જ્યારે બીજી બાજુ કોંગ્રેસ અને એનસીપી સહિત મહાઅગાડી કેમ્પ છે. કેટલાક નાના પક્ષો પોતાનીરીતે ચૂંટણી લડી રહ્યા છે જેમાં રિપબ્લિક પાર્ટી ઓફ ઈન્ડિયા, શિવસંગ્રામ, રાષ્ટ્રીય સમાજ પક્ષ, રાયતક્રાંતિ સંગઠનનો સમાવેશ થાય છે.